PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૦/કવા-૦૪/૧૬-૧૭/ 3285 તા. 16/04/17

**રજી. એ.ડી. પત્ર**

**પ્રતિ,**
**આશિષકુમાર એ. ગણાત્રા,**
**પરીશ્રમ પ્લાઝા, બીજો માળ,**
**લોધાવડ ચોકની બાજુમા,**
**મંગળા રોડ,**
**રાજકોટ**
**મો: ૯૨૨૮૧ ૨૯૮૨૯, ૦૨૮૧-૨૪૬૪૪૪૪**

**વિષય :-બીલીંગ બાબત**
**સંદર્ભ:- આપની અરજી , તા. ૧૪-૦૩-૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૦/કવા-૦૪/૧૬-૧૭)**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

**બિડાણ :** નિર્ણયપત્ર (પાના નં. 2)

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉધોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ**
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૦/ક્વા–૦૪/૧૬–૧૭ કમિટી મીટીંગ: તા. ૧૩–૦૪–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: આશિષકુમાર એ. ગણાત્રા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ઉદ્યોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.રૂપાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

## : હુકમ :

**ફરીયાદ : બીલીંગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની હોસ્પીટલ વાળા જોડાણ નં.: ૩૧૫૦૭/૦૯૮૦૫/૭ વાળુ જોડાણ, માહે ઓગષ્ટ–૨૦૧૫ થી બંધ છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ના આ જોડાણ મા, છેલ્લા ૨૦ માસ થી, બીન વપરાશી હોવા છતા, '' નિયત ફીક્સ ચાર્જ ની રકમ '' સાથે નુ મીનીમમ ધોરણ હેઠળ નુ બીલીંગ કરી, અને તે મુજબ, બીન વાસ્તવિક વીજબીલો અપાયેલ છે. આ બાબત, અરજદારને યોગ્ય અને વ્યાજબી ન જણાયેલ હોય, જેથી તેઓ શ્રી એ પીજીવીસીએલ સમક્ષ અગાઉ મૌખીક રજુઆત કરેલ હતી, પરંતુ, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, તેઓ શ્રી ને સંતોષકારક જવાબ ન મળવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની હોસ્પીટલ વાળા જોડાણ નં.: ૩૧૫૦૭/૦૯૮૦૫/૭ વાળુ જોડાણ, માહે ઓગષ્ટ–૨૦૧૫ થી બંધ હોવાના કારણોસર, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા હેઠળ નુ, '' મીનીમમ બીલીંગ ધોરણ હેઠળ નુ બીલીંગ '' ( જેમા – જોડાયેલ વીજભાર મુજબ ના ફીકસચાર્જ ની રકમ, તથા સદર રકમ પર ના વીજકર ની રકમ, તથા મીટર ભાડુ વગેરે ) કરાયેલ છે. આ બાબત, વીજકંપની ના નિયમાધીન અંતર્ગત ની હોય, ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ ની સમજણ, જે પીજીવીસીએલ ની સબંધક વિભાગીય કચેરી ના સક્ષમ વડા તરફથી અપાયેલ છે. જે, ફરીયાદી અરજદાર શ્રી એ સંતોષજનક રીતે માન્ય રાખેલ છે. આમ, આ કાર્યવાહી અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૨૭–૦૩–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની, '' તેઓ શ્રી ના બીનવપરાશી જોડાણ મા કરાયેલ મીનીમમ બીલીંગ '' બાબતે ની નિયમાધીન જાણકારી સાથે ની સમજણ, અરજદાર શ્રી ને આપવા સબબ ની તમામ કાર્યવાહી, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેમના તા.૨૭–૦૩–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ અરજદાર ના તા.૨૭–૦૩–૧૭ ના લેખીત સંમંતીપત્ર હેઠળ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ)**, ગુજરાત વીજ **નિયંત્રક આયોગની કચેરી, બ્લોક** નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, **આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી **શકાય છે. અપીલ** અરજી **જો નાણાંકીય** બાબત સબંધક **હોય તો,** સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા **સાથે ભરપાઈ કરાયેલ હોવાનો** ઉલ્લેખ અપીલ અરજીમાં **થવો જરૂરી છે..**